# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૬/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# સુરતથી દરિયાઇ માર્ગે થતા ઇમ્પોર્ટ–એક્ષ્પોર્ટ માટેના ઇન્ફ્રાસ્ટ્રકચરની જરૂરી સુવિધાની માહિતી મેળવવા ચેમ્બરે અદાણી હજીરા પોર્ટની મુલાકાત લીધી

સુરત : સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમોશન માટે કામ કરતા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સુરતમાં ઉત્પાદીત થતી ચીજવસ્તુઓનું અન્ય દેશોમાં એક્ષ્પોર્ટ વધારવા માટે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે પણ મહત્વ આપવામાં આવી રહયુ છે. એના માટે ચેમ્બર દ્વારા રાજય તેમજ કેન્દ્રમાં વિવિધ સ્તરે રજૂઆતો પણ કરવામાં આવે છે. સુરતથી રેલવે, એર તથા દરિયાઇ માર્ગે ઇમ્પોર્ટ–એક્ષ્પોર્ટ થઇ રહયુ છે ત્યારે ઉદ્યોગોના વિકાસાર્થે ઇમ્પોર્ટ–એક્ષ્પોર્ટ માટે ઇન્ફ્રાસ્ટ્રચરની જરૂરી સુવિધાઓથી રૂબરૂ થવા ચેમ્બર દ્વારા વિઝીટ પણ ગોઠવવામાં આવે છે.

આ પ્રવૃત્તિના ભાગરૂપે ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ તથા મેનેજિંગ કમિટીના સભ્યોએ સોમવારે, તા. ૨૫ નવેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી અદાણી હજીરા પોર્ટની મુલાકાત લીધી હતી. અદાણી પોર્ટના મેનેજમેન્ટ તરફથી ચેમ્બરને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો તેમજ પોર્ટ પરથી ઇમ્પોર્ટ અને એક્ષ્પોર્ટ માટેની સુવિધાઓથી અવગત કરાવવામાં આવ્યુ હતુ. આ પોર્ટ પરથી યુરોપ, આફ્રિકા, અમેરિકા અને મધ્ય પૂર્વના દેશો સાથે આંતરરાષ્ટ્રીય વેપાર માટેનો અનુકુળ માર્ગ ઉપલબ્ધ કરાવવા સાથેની ઉભી કરવામાં આવેલી જરૂરી સુવિધાઓની ચેમ્બરને વિસ્તૃતપણે માહિતી આપવામાં આવી હતી.

આ પોર્ટ પરથી કન્ટેનર્સ, કિલંકર્સ, જીપ્સમ, પ્રોજેકટ કાર્ગો, રોક ફોસ્ફેટ, સ્ટીમ કોલસો અને સ્ટીલ પ્લેટ્સ ઇમ્પોર્ટ કરવામાં આવે છે. જયારે કન્ટેનર્સ, સોયાબીન મીલ, પ્રોજેકટ કાર્ગો અને સ્ટીલ પ્લેટ્સ એક્ષ્પોર્ટ કરવામાં આવે છે

તેની માહિતી ચેમ્બરે પોર્ટ મેનેજમેન્ટ તરફથી મેળવી હતી. આ ઉપરાંત કેમિકલ લીકવીડના સ્ટોરેજ માટે પોર્ટ પર અલગથી બનાવવામાં આવેલી ૧૫૦ જેટલી ટેન્કરો પણ ચેમ્બર દ્વારા નિહાળવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ આ મુલાકાત વિશે જણાવ્યુ હતુ કે, પહેલા ઉદ્યોગપતિઓને ચીજવસ્તુઓના ઇમ્પોર્ટ અને એક્ષ્પોર્ટ માટે મુંબઇના પોર્ટ પર નિર્ભર રહેવુ પડતુ હતુ. સમય અને કેટલાક દિવસોના બગાડની સાથે સાથે આ ગતિવિધી ઉદ્યોગપતિઓ માટે ખૂબ જ ખર્ચાળ પણ બની રહેતી હતી. આથી સુરતમાં પોર્ટની સુવિધાથી ઉદ્યોગપતિઓનો સમય અને રૂપિયા બંનેની બચત તો થાય જ છે પણ સાથે સાથે તેઓને કન્ટેનરની ડિલીવરી પણ વહેલી મળી જતી હોવાથી ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટને વધુ વેગ મળે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આની અવેરનેસ માટે ચેમ્બર દ્વારા અગાઉ અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં પણ અદાણી પોર્ટ સાથે મળીને સંયુકત રીતે અવેરનેસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.